# ઘરપકડનું લીસ્ટ બે ડઝનથી વધુ થવાની આશંકા..!!

### પેપર લીક પ્રકરણ - સાબરકાંઠા પોલીસે વધુ ૪ આરોપીઓને દબોચ્યા : મુખ્ય આરોપી જયેશ પટેલ પાસેથી રૂ ૨૦ લાખની રોકડ જપ્ત અન્ય આરોપી દિપક પટેલ પાસેથી ૧૪ લાખ મળ્યા

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ હેડક્લાર્ક વર્ગ-૩ ની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયા પછી સાબરકાંઠા પોલીસે વધુ ૪ આરોપીઓની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી જયેશ પટેલ પાસેથી ૨૦ લાખ અને અન્ય એક આરોપી દિપક પટેલ પાસેથી ૧૪ લાખથી વધુની રોકડ મળી આવતાં પોલીસ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૭૮.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પેપર લીક પ્રકરણ ૬ થી વધુ જિલ્લામાં પ્રસર્યાની આશંકા વચ્ચે ઘરપકડનો આંક ૨ ડઝનથી વધુ થવાની સંભાવના છે.

પેપરલીક પ્રકરણમાં ઉછા, પોગલુ અને કાંણીયોલ ગામના નામ ઉછળ્યા પછી પેપર જ્યાં છાપવામાં આવ્યું ત્યાંથી જ લીક થયાની સનસની ખેજ વિગતો પ્રકાશમાં આવ્યા પછી બેરોજગાર ઉમેદવારો અને પ્રજા પણ સમગ્ર લીંકનો અભ્યાસ કરી રહી છે.

સાબરકાંઠા, ગાંધીનગર પોલીસે પેપર લીક પ્રકરણનો અત્યાર સુધીમાં ૧૮ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે મુખ્ય આરોપી જયેશ ઈશ્વરભાઈ પટેલ(રહે.ઉછ)ની નાટ્યાત્મક ઢબે ગાંધીનગરમાંથી ધરપકડ દર્શાવી ત્યારથી જ પેપર લીક પ્રકરણમાં અનેક ગંભીર ખુલાસા થવાની શક્યતા વધી હતી. રીમાન્ડ દરમ્યાન પોલીસે પોતાની આગવી ઢબે પૂછપરછ ર્યા પછી વધુ ૪ નામ ખૂલ્યાની સંભાવના છે અને પોલીસે પાલીતાણા તાલુકાના માંડવડા, ઈડર તાલુકાના હિંમતપુર, ભૂલ અને કડીયાદરાના સંભવિત રીતે પેપર ખરીદનારા ઉમેદવારોની ધરપકડ ક્યનું જાણવા મળ્યું છે. પોલીસને પાછલા ૨૪ કલાકમાં જ પેપર લીક સાથે સંકળાયેલા બે આરોપીઓ પાસેથી રુ ૩૪,૧૦,૦૦૦ની રોકડ મળતાં પેપર લીક પ્રકરણમાં આરોપીઓએ દોઢ કરોડથી પણ વધુનું ઉઘરાણું ક્યની આશંકા પ્રવર્તિ રહી છે.

## સાબરકાંઠાના ૩૫ થી વધુ ઉમેદવારો સુધી લીક પેપર પહોંચ્યાની આશંકા..

પેપર લીક પ્રકરણમાં હવે દરરોજ એક પછી એક નવા ખુલાસા થઈ શકે છે. ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળનું લીક થયેલા પ્રશ્નપત્ર પછી તા.૧૨ ડિસેમ્બરે યોજાયેલી પરીક્ષા સરકાર દ્વારા રદ કરાઈ છે. આગામી માર્ચ-૨૦૨૨માં પરીક્ષાનું આયોજન થવાનું છે ત્યારે સાબરકાંઠાના ૩૫ થી વધુ ઉમેદવારો સુધી લીક થયેલું પેપર પહોંચ્યું છે અને તેમાંથી ૩.૫૦ કરોડનું ઉઘરાણું ક્યની પણ આશંકા સેવાય છે.



## અન્ય ૪ આરોપીની અટકાયત..

- દાંનાભાઈ ઉર્ફે કાનાભાઈ ખોડાભાઈ ડાંગર(ભરવાડ), (હાલ રહે.બી-૨૦૪, સોલા સરકારી વસાહત, સોલા-અમદાવાદ, મૂળ રહે.માંડવડા, તા.પાલીતાણા, જિ.ભાવનગર)
- કેયૂર સંતકુમાર પટેલ, રહે.હિંમતપુર, તા.ઈડર
- કૃપાલી સુરેશભાઈ પટેલ, રહે.ભવેલ, તા.ઈડર
- હિમાની વિનુભાઈ દેસાઈ, રહે.કડીયાદરા, તા. ઈડર

## લીક પેપર ખરીદનારાની પૂછપરછ શરુ : પોલીસ વડા

સાબરકાંઠા પોલીસ વડા નિરજ બડગુજરના જણાવ્યા અનુસાર પેપર લીક પ્રકરણના પકડાયેલા આરોપીઓના રીમાન્ડ દરમ્યાન ભાવનગર જિલ્લાના દાંનાભાઈ ઉર્ફે કાંના ડાંગરનું નામ પેપર ખરીદવામાં ખૂલ્યું હતું તે હરાસતમાં હોવાથી ટ્રાન્સફર વોરંટના આધારે તેની અટકાયત કરવામાં આવી છે. જ્યારે જિલ્લાના અન્ય ૩ આરોપીએ પણ લીક પેપર ખરીદી અને રાત્રે સોલ્વ કરવા માટે ગયા હતા તે તપાસ દરમ્યાન ખુલતાં તેમની પણ અટકાયત કરાઈ છે. જે ૪ આરોપીની અટકાયત થઈ છે તેમના સુધી લીક પેપર પહોંચ્યાનું પણ જણાવ્યું હતું.

# બોર્ડ પરીક્ષા ૧૫ દિવસ પાછી ઠેલવાનો નિર્ણય

### કોરોનાનું ગ્રહણ - ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા ૨૮ માર્ચથી યોજાશે : ધો.૯-૧૧ની વાર્ષિક પરીક્ષા ૨૧ એપ્રિલ, ૯ મે થી ઉનાળુ વેકેશન

બાયડ તા.૨૪

આગામી માર્ચ-૨૦૦૨માં લેવાનારી ધો.૧-૧૨ બોર્ડ પરીક્ષા ઉપર કોરોનાનો ઓછાયો જોવા મળ્યો છે. વર્તમાન કોરોનાની સ્થિતિને ધ્યાને રાખી સરકાર દ્વારા બોર્ડ પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે જે મુજબ ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા ૧૫ દિવસ પાછી ઠેલવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે તા.૧૪ માર્ચના બદલે ૨૮ માર્ચથી ધો.૧૦ની બોર્ડ પરીક્ષા શરુ થશે. જ્યારે ઉનાળુ વેકેશન તા.૨ મે.થી શરુ થવાનું હતું તે ૯ મે.થી શરુ થશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના નવા વેરિયેન્ટ ઓમિક્રોનના કારણે શૈક્ષણિક સંકુલોના ઓફલાઈન શિક્ષણ ઉપર ખતરો મંડરાયો છે. જ્યારે ગત વર્ષે બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને માસ પ્રમોશન આપ્યા પછી શિક્ષણમાં ભરપાઈ ન થાય તે પ્રકારે વિદ્યાર્થીઓના શિક્ષણને નુક્સાન પહોંચ્યાનો સર્વે સામે આવ્યો છે. વર્તમાન પરિસ્થિતિ જોતાં આગામી માર્ચ-૨૦૦૨માં યોજાનારી ધો.૧-૧૨ બોર્ડની પરીક્ષામાં પણ કોરોનાનું સંકટ હાવિ થવાની દહેશત છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લઈ મિલીમ, બીજી પરીક્ષા, પ્રખરતા શોધ કસોટી, બોર્ડના વિષયની શાળા કક્ષાએ પરીક્ષા, પ્રાયોગિક પરીક્ષા(ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ), ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા અને ધો.૯ અને ૧૧ની શાળાકીય વાર્ષિક પરીક્ષાની તારીખોમાં અગાઉ જાહેર કરેલી તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે જે મુજબ ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા તા.૧૪ માર્ચના બદલે ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી યોજાશે. ધો.૯ અને ૧૧ ની શાળાકીય વાર્ષિક પરીક્ષા તા.૧૧ મે.ના બદલે ૨૧ મે. થી ૩૦ મે. દરમ્યાન યોજવામાં આવશે. ઉનાળુ વેકેશન ૨મે.ના બદલે હવે ૯મે.થી ૧૨ જૂન સુધી રહેશે. અને નવું શૈક્ષણિક સત્રતા.૧૩ જૂનથી શરુ કરવાનો નિર્ણય લેવાયો છે.

### પરીક્ષાની તારીખોમાં ફેરફાર..

| પરીક્ષા | સુધારેલ તારીખ |
|---|---|
| ધો.૯ થી ૧૨ (પ્રિલીમ/દ્વિતીય પરીક્ષા) | તા.૧૦ ફેબમારીથી ૧૮ ફેબ્રુઆરી-૨૦૨૨ |
| ધો.૯ પ્રખરતા શોધ કસોટી | તા.૨૨ ફેબ્રુઆરી-૨૦૨૨ |
| બોર્ડના વિષયની શાળા ક્ષાએ પરીક્ષા | તા.૨૪ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૨ |
| ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રેક્ટીકલ પરીક્ષા | તા.૨ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી-૨૦૧૨ |
| ધો.૯-૧૧ શાળાકીય વાર્ષિક પરીક્ષા | તા.૨૧ એપ્રિલ થી ૩૦ એપ્રિલ-૨૦૧૨ |
| ઉનાળુ વેકેશન | તા.૯ મે થી૧૨ જૂન-૨૦૨૨ |
| નવું શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ | તા.૧૩ જૂન-૨૦૦૨ થી.. |

# બાયડના રમાસ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં યુવાને મેદાન માર્યું

### કહેવાતા ધૂરંધર આગેવાનોની ડિપોઝીટ ડૂલ

બાયડ તા. ૨૪

બાયડ તાલુકાની ૪૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાયા પછી પરિણામ જાહેર થયું છે ત્યારે બાયડ તાલુકાના રમાસ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં યુવાન ઉમેદવારે સરપંચ પદની ચૂંટણીમાં મેદાન માર્યું છે. કહેવાતા ધૂરંધર આગેવાનોએ સરપંચના ચૂંટણી જંગમાં ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો છે.

મતદાર બધું જ સમજતો હોય છે પરંતુ જાહેરમાં કશું બોલતો નથી અને ચૂંટણી જાહેર થયા પછી મતદાનનો દિવસ આવે ત્યારે બેલેટ પેપરથી બૂલેટ જેવો સણસણતો જવાબ આપી દેતા હોય છે. બાયડ તાલુકાના રમાસ ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થઈ. ચૂંટણીના મેદાનમાં સરપંચ પદ માટે ૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા ૧૫ દિવસ સુધી સરપંચ પદના ઉમેદવારો અને ટેકેદારોએ મતદારોને પોતાના તરફી કરવાના તમામ પ્રયાસ કર્યા. મતદારો છેલ્લી ઘડી સુધી મૌન રહ્યા અને ગત રોજ બાયડની સરકારી વિનયન કોલેજમાં મત ગણતરી હાથ ધરાઈ ત્યારે રમાસ ગ્રામ પંચાયતમાં સરપંચ પદના યુવાન ઉમેદવાર હાર્દિક અરવિંદભાઈ પટેલ ૮૦૪ મત મેળવી વિજય મેળવ્યો. જ્યારે તાલુકામાં આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરનારા ૩ ઉમેદવારોએ સરપંચ પદના જંગમાં ઝંપલાવ્યું પરંતુ તેમને ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો. નવા સરપંચે પણ ધૂરંધરોને મળેલા મત ઉપરથી શીખ લેવી પડશે. પ્રજાલક્ષી કામ નહીં કરો તો આવતા ૫ વર્ષ પછી તેના કરતાં પણ ભૂંડી સ્થિતિ આવી શકે છે.

# સ્વ.બાજપાયીની જન્મ જયંતિ નિમિત્તે ડૉક્ટર સેલ દ્વારા ફ્રી મેડિકેમ્પનું આયોજન

### સવારે ૮ થી ૧૦ કલાકે સી.એ. પટેલ કોમ્પ્લેક્ષમાં ડાયાબિટીસ કેમ્પ યોજાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

દેશના કવિ હૃદયી વડાપ્રધાન સ્વ.અટલ બિહારી બાજપાયીની આજે ૨૫ ડિસેમ્બરે જન્મજયંતિ નિમિત્તે બાયડ શહેર ભાજપ ડૉક્ટર સેલ પ્રમુખ ડૉ. મહેન્દ્રભાઈ ભીમજીભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા સવારે ૮ થી ૧૦ કલાકથી સી.એ. પટેલ કોમ્પ્લેક્ષમાં બ્લડ પ્રેશર માપની તેમજ ડાયાબિટીસ ફ્રી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બાયડના નગરજનોને ફ્રી મેડિકલ કેમ્પનો મહત્તમ લાભ લેવા બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, યુવા મોરચા પ્રમુખ જીગર પટેલ, જિલ્લા ભાજપ યુવા સંગઠન મંત્રી તપન પટેલ દ્વારા અપીલ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આજે દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્નથી સન્માનિત સ્વ.અટલ બિહારી બાજપાયીની જન્મજયંતિ નિમિત્તે જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તમામ ૮ મંડલોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બાયડ શહેર ભાજપ ડૉક્ટર સેલના પ્રમુખ ડૉ.મહેન્દ્રભાઈ બી. પટેલએ જણાવ્યું કે દિવંગત વડાપ્રધાન અટલ બિહારી બાજપાયીએ જીવનપર્યંત રાજનીતિને સત્તાનું સાધન નહિ પરંતુ સેવાનો પર્યાય બનાવીને રાષ્ટ્ર ઉત્થાનનો ભેખ ધારણ કર્યો હતો. ત્યારે સ્વ.અટલજીની જન્મજયંતિએ સેવાની સરવાણી થકી તેમને યથાર્થ પણે અંજલિ અર્પણ કરી ગણાશે. જેથી આજે બાયડના સી.એ.પટેલ કોમ્પ્લેક્ષમાં સવારે ૯ કલાકથી યોજેલા મેડિકલ કેમ્પનો બાયડની પ્રજા મહત્તમ લાભ લે તેવી અપીલ કરી છે. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, દંડક ભાવનાબેન જોષી, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, બાયડ નગરપાલિકાના સદસ્યો, સંગઠન હોદ્દેદારો પણ ફ્રી મેડિકલ કેમ્પમાં ઉપસ્થિત રહેશે તેમ બાયડ શહેર ડૉક્ટર સેલની યાદીમાં જણાવાયું છે.



### બાયડ પાલિકા વોર્ડ નં.૩માં નિરામય યોજના હેઠળ સફાઈ અભિયાન

બાયડ પાલિકા દ્વારા નિરામય વોર્ડ યોજના હેઠળ દરેક વોર્ડમાં સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. બાયડ પાલિકા વોર્ડ નં.૩ માં બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, ચીફ ઓફિસર સાવીબેન સોની વગેરેની ઉપસ્થિતિમાં ગતરોજ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. ખદબદતી ગટરોમાંથી ગંદકી દૂર કરાતાં રહીશોએ ખુશાલી વ્યક્ત કરી પરંતુ કાયમી સ્વચ્છતા જળવાય તેવા આયોજન ઉપર બાયડ પાલિકા ભાર મૂકે તેવી સ્થાનિક રહીશોએ માંગ કરી હતી. બાયડ પાલિકાના વોર્ડ નં.૧ થી ૬ માં નિરામય વોર્ડ યોજના હેઠળ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

# ઉછા ગામના પેપર લીકના આરોપી સામે વર્ષ-૨૦૧૭માં છેતરપીંડીનો ગુનો

### પ્રાંતિજ પોલીસે કુલ-૭ આરોપીઓ સામે ગુનો નોંધ્યો હતો

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૪

પેપર લીક પ્રકરણમાં પ્રાંતિજ તાલુકાના ઉછા ગામના પિતા-પુત્રની સંડોવણી બહાર આવતાં હાલ પોલીસના રીમાન્ડ હેઠળ છે ત્યારે ઉછા ગામના પેપર લીકના આરોપી સામે વર્ષ ૨૦૧૭માં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત, છેતરપીંડીનો ગુનો નોંધાયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા દોઢ-બે વર્ષથી સરકારી નોકરી મેળવવા માટે દિવસ-રાત મહેનત કરનારા હજારો બેરોજગારોનું પ્રશ્નપત્ર લીક થયા પછી સ્વમ રોળાઈ ગયું છે. હજારો બેરોજગારોની હાય કોને કયા મકામે લઈ જશે તે આવનારા દિવસોમાં ખ્યાલ આવશે પરંતુ મળેલ જાણકારી અનુસાર ઉછા ગામના જશવંતભાઈ હરગોવિંદભાઈ પટેલ સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નવેમ્બર-૨૦૧૭માં ગુનો નોંધાયો હતો જેમાં કુલ૯ આરોપીઓ સામે ધી ફ્રેન્ડ ક્રેડીટ કો.ઓપ. લી, પ્રાંતિજના નામે સંસ્થા ખોલી તેમાં સ્માર્ટ પ્લાન, માલામાલ, દૈનિક બચત યોજના જેવી જુદી જુદી લોભામણી સ્કીમોનું આયોજન કરી અને લોકોને છેતર્યા હતા. હર્ષદકુમાર કાન્તિલાલ કડીયાની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે જે તે સમયે જશવંતભાઈ પટેલ સહિત ૭ આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૦૮, ૪૦૯, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધ્યાનું પણ બહાર આવ્યું છે.

# પાલનપુરના ગણેશપુરાના રહીશો બિસ્માર રોડની સમસ્યાથી ત્રાહિમામ

પાલનપુર નગરપાલિકાના રાજમાં શહેરના મોટા ભાગના રોડ બિસ્માર હાલતમાં છે. ત્યારે આજે વોર્ડ નં.૧૧ ના ગણેશપુરા વિસ્તારના રહીશો ભંગાર રોડ અને ગંદા પાણીના નિકાલની માંગ સાથે સરઘસ આકારે નગરપાલિકા કચેરીએ આવ્યા હતા. જ્યાં દિન-૭ માં સમસ્યાનો ઉકેલ નહિ આવે તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી આપી હતી.

પાલનપુર શહેરના વોર્ડ નં.૧૧ ગણેશપુરા વિસ્તારના લોકો આજે સરઘસ લઈને નગરપાલિકા કચેરી ધસી આવ્યા હતા. જ્યાં તેઓએ પાલિકા પ્રમુખ હેતલબેન રાવલ સમક્ષ પોતાનો બળાપો ઠાલવ્યો હતો. તેઓએ સ્વ. ગલબાભાઈના સ્ટેચ્યુથી ગણેશપુરા રોડની દુર્દશા અંગે રોષ ઠાલવતા એક વખત કલેકટર અને ચીફ ઓફિસરને આ રોડ પરથી પસાર થવાનો પડકાર ફેંક્યો હતો. તેઓએ વરસાદી પાણી અને અન્ય સોસાયટીઓમાંથી આવતા ગંદા પાણીના નિકાલની પણ માંગ કરી હતી. બિસ્માર રોડ રીપેર કરવા રૂ.૭૫ લાખની ગ્રાંટમાંથી પણ પોતાના વિસ્તારના રોડનું સમારકામ થયું ન હોઈ આ ગ્રાંટ ક્યાં વપરાઈ તેવા સવાલો સાથે તેઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# સાબરકાંઠામાં વિદેશથી આવેલી મહિલા કોરોના સંક્રમિત, અન્ય બે દર્દી સંક્રમિત હોવાની આશંકા

### જિલ્લામાં ગમે તે ઘડીએ ઓમિક્રોનના પગપેસારાની આશંકા વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠામાં વિદેશથી આવેલી ૨૭ વર્ષીય મહિલાનો ૭ દિવસ પછી કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતાં આરોગ્ય વિભાગ દ્વારા ભદ્રેસર ગામમાં મહિલાના પરીવારના સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે. જ્યારે જિલ્લામાં અન્ય બે દર્દી કોરોનાથી સંક્રમિત હોવાની પ્રબળ આશંકા સેવાય છે. જિલ્લાના પડોસી મહેસાણા જિલ્લામાં ઓમિક્રોનના આગમન પછી સાબરકાંઠામાં ગમે તે ઘડીએ ઓમિક્રોનના પગપેસારાની આશંકા સેવાય છે. જ્યારે અરવલ્લી જિલ્લાની પ્રજા તકેદારી નહી રાખે તો જિલ્લામાં પણ કોરોના સંક્રમણનો પંજો વિસ્તરે તેવી પ્રબળ આશંકા સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વિશ્વના અનેક દેશોમાં કોરોનાના નવા વેરીયન્ટ ઓમિક્રોને હાહાકાર મચાવ્યો છે. જ્યારે રોજ નવા ખુલાસા સાથે ઓમિક્રોન ડેન્જરસ હોવાનું કહેવાય છે તો બીજે દિવસે ઓમિક્રોનથી ડરવાની જરૂર નથી, માત્ર સાવધાની રાખવી તેવું જાહેર કરવામાં આવે છે. ટૂંકમાં ઓમિક્રોન વાયરસ બાબતે હવામાં તીર છોડાતાં જેવી બાબત જોવા મળી છે.

વિશ્વના ૧૧ હાઈ રિસ્કી દેશમાંથી ગુજરાતમાં આવેલા પ્રવાસીઓને ફરજીયાત ૧૪ દિવસ કોરન્ટાઈન રાખવાની સુચના છતાં ક્યાંક ને ક્યાંક જિલ્લામાં મોટી બેદરકારી જોવા મળી રહી છે. જેના કારણે હાઈ રિસ્કી દેશમાંથી જિલ્લામાં આવેલ કોઈપણ નાગરિક સંક્રમિત હશે તો જિલ્લામાં મોટા પાયે સંક્રમણ ફેલાવે તેવી દહેશત છે. જ્યારે આરોગ્ય તંત્ર પણ કામગીરીમાં ક્યાંક ને ક્યાંક ગોથા ખાતું હોય તેવું જણાઈ રહ્યું છે. ગતરોજ વિદેશથી આવેલી મહિલાને કોરોના પોઝીટીવ આવતાં ભદ્રેસર ગામના દરેક લોકોના આરોગ્ય ઉપર તંત્ર નજર રાખીને બેઠું છે પરંતુ આવનારા દિવસોમાં આરોગ્ય વિભાગ અને પ્રજાના બુરેદિન શરૂ થાય તેવી દહેશત પ્રવર્તિ રહી છે. કોરોનાગ્રસ્ત મહિલાને ઓમિક્રોનનો ચેપ છે કે કેમ ? તેનો રીપોર્ટ શું આવે છે ? તેના ઉપર જિલ્લાના આરોગ્યતંત્રની નજર ટેકવાઈ ગઈ છે.



# ડીસાથી બ્રહ્મણેશ્વરી માતાજીના પગપાળા સંઘનું પ્રસ્થાન

બનાસકાંઠાના ડીસાથી છેલ્લા પાંચ વર્ષથી નીકળતા સંઘનું ગતરોજ ડીસાથી પ્રસ્થાન થતા હજારો માઈભક્તો સંઘમાં જોડાયા હતા. તો સંઘ જોવા સમગ્ર જિલ્લામાંથી માળી સમાજ સહિતના લોકો ઉમટી પડ્યા હતા. બનાસકાંઠામાં વસતા મારવાડી માળી સમાજના લોકો મૂળ રાજસ્થાનના વતની છે અને ધંધાર્થે સ્થાઈ થયેલા છે.ત્યારે માળી સમાજમાં ગેલોત પરિવારની કુળદેવી ચિત્તોડગઢમાં બ્રહ્મણેશ્વરી માતાજી બિરાજમાન છે તેથી જિલ્લાના ગેલોત પરિવાર છેલ્લા પાંચ વર્ષથી સંઘ લઈને ચિત્તોડગઢ જાય છે.ત્યારે ગતરોજ નીકળેલા સંઘમાં જિલ્લાભરના ગેલોત પરિવાર અને માળી સમાજના ભક્તો સંઘમાં જોડાયા હતા.આ સંઘમાં હાથી,પાલખી,લાઈવ ડીજે સહિત સાફાઓથી સજ્જ યુવા-યુવતીઓના કારણે સમગ્ર માહોલ ભક્તિમય થયો હતો.ડીસાના સ્પોર્ટ કલબથી નીકળી શહેરના માર્ગો પર ફરતા ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સંઘને જોવા સમગ્ર ડીસા શહેર સહિત તાલુકા ભરની જનતા ઉમટી પડી હતી.આ સંઘ ૪૦૦ કિલોમીટર ચિત્તોડ ગઢ ૪ જાન્યુઆરી પહોંચશે. ત્યાં ભજન સંધ્યા ભોજન પ્રસાદ લેશે.